બરાબર 29-05-2005થી શરુ થયેલી આ 'સન્ડે ઈ.મહેફીલ' નામક

'સુ–વાચનયાત્રા', આજે તેર વર્ષ પુરાં કરી,

# 'ચૌદમા'

વર્ષમાં પ્રવેશે છે..

અમે, સૌ સર્જકોના, સમ્પાદનના કાર્યમાં સદાયના સહાયક સ્વજનોના અને દેશવીદેશે પથરાયેલા સૌ ગુજરાતીના રસીયા વાચકોના ઋણી છીએ..

એક જ અફસોસ કે લેક્સિકનના પ્રણેતા અને 'સ.મ.'ના સમ્પાદકોમાંના રતીલાલ ચંદરયા અને

ગાંધીનગરના બળવન્તભાઈ પટેલ હવે આપણી વચ્ચે નથી..

અને બીજું, હવે 'સ.મ.' સાપ્તાહીક મટી પાક્ષીક બની છે..

'સ.મ.'ના સમ્પાદકો તરફથી સૌનો ખુબ ખુબ આભાર.. આભાર.. આભાર..

@@@

Late- Ratilal Chandaria,

Late- Balvant Patel,

Uttam Gajjar, e-mail: uttamgajjar@gmail.com

Ashok Karania, e-mail: ashok@gujaratilexicon.com

Maitri Shah, e-mail: maitri@arniontechnologies.com

Sunil Shah, e-mail: sunilshah101@gmail.com

***

અને હવે માણો, સદાબહાર હરનીશ જાની લીખીત આજની 'સન્ડે ઈ.મહેફીલ'....


અમેરિકાની હળવી શૈલીની અનુભવયાત્રા
તીરછી નજરે અમેરિકા
હરનિશ જાની

અમેરિકાના દીર્ઘ વસવાટ પછી તેમજ અમેરિકાના જનજીવન સાથે એકરૂપ બની ગયા પછી લખાયેલું આ પુસ્તક 'તીરછી નજરે અમેરિકા' આપણને અમેરિકાનો અંતરંગ પરિચય કરાવે છે. લેખક નીવડેલા હાસ્યકાર છે એટલે અમેરિકાને જોવાની એમની નજર 'તીરછી' અવશ્ય છે; પણ, આ 'તીરછી' નજરમાં અમેરિકા માટે અનહદ પ્રેમ છલકતો અનુભવાય છે. જે ધરતીનું લૂણ એમણે ખાધું છે એ ધરતી માટેનો ઋણભાવ આ પુસ્તકમાં સાદ્યંત ઝિલાયો છે.

'તીરછી નજરે – અમેરિકા' હાસ્યરસનું પુસ્તક નથી, પણ હાસ્યકારનું પુસ્તક તો છે જ; એટલે, અહીં હાસ્યનાં અમી-છાંટણાં પાને-પાને જોવા મળે છે. આ પુસ્તકમાં અપાયેલો અમેરિકાનો પરિચય એટલો રસાળ બન્યો છે કે મોટા ભાગના વાચકો આ પુસ્તક એકીબેઠકે વાંચી જશે એની મને ખાતરી છે. આવા રસાળ પુસ્તકના સર્જન માટે હરનિશ જાની ખરે જ અભિનંદનના અધિકારી છે.

– રતિલાલ બોરીસાગર



9789351624660

₹ 150

# દુનીયા રંગ રંગીલી – અમેરીકા

–હરનીશ જાની

સાલ હતી ૧૯૪૭, ત્યારે હું બીજા ધોરણમાં હતો. રાજપીપલાની પ્રયોગશાળામાં બીજા ધોરણમાં હતો. મારા તે વરસમાંથી મને કશું જ યાદ નથી. સાત વરસની તો મારી ઉંમર હતી! પરંતુ એક પ્રસંગ હજુ યાદ છે. સ્કુલનો પહેલો દીવસ હતો. અમે બધા ક્લાસની બહાર ઉભા હતા. અને ત્યાં બાબુ આવ્યો. બધાં જાણતા હતા કે બાબુ તે જમાનામાં અસ્પૃશ્ય ગણાતા એક હરીજન–દલીતનો દીકરો હતો. સરસ ધોયેલાં કપડાં પહેર્યા હતાં. તેનું માથું તેલ નાખીને સેંથા વીનાનું ઉભું ઓળેલું હતું. એક સામન્તસીંહ નામના રજપુતના છોકરાએ એને ધક્કો મારી દુર કર્યો અને બોલ્યો, ‘આને કાઢો.’

બાબુ મને ઓળખતો હતો. કારણ કે અમારા ઘરને અડીને જતો રસ્તો, દલીતવાસમાં જતો. ત્યાં હું બાબુને એના ભાઈ જોડે જતાં–આવતાં જોતો હતો. ક્લાસ ચાલુ થયો. શીક્ષક આવ્યા. બાબુને બહાર ઉભેલો જોઈ શીક્ષકે એને બેસી જવા કહ્યું. બાબુ કહે, ‘મને કોઈ બેસવા દેતું નથી. અને મારવાનું કહે છે.’ શીક્ષકે તેને કહ્યું, ‘પહેલાં એક કામ કરીએ. તું એકેએક છોકરાને જઈને ખભે અડક.’ બાબુ શરુઆતમાં તો ગુંચવાયો. પછી બાબુએ વારાફરતી એકેએક જણને સ્પર્શ કર્યો. પછી સાહેબે કહ્યું, ‘હવે તારે જ્યાં બેસવું હોય ત્યાં બેસ.’ બાબુએ મારી સામું જોયું અને થોડા ગભરાટ સાથે મારી પાસે બેઠો. તોય હું તેને ન અડક્યો. બાબુએ પણ મને અડકવાની ચેષ્ટા ન કરી. ઘેર જતાં જ મેં ઘરની બહારથી બુમ પાડીને બધાંને જાહેર કર્યું કે, ‘મને હરીજન અડક્યો છે.’ મારાં દાદીમાએ અંદરથી ઠંડા પાણીની ડોલ લાવી મારા પર રેડી દીધી. સાથેસાથે ગાંધીજીને બેત્રણ ચોપડાવી દીધી.

મારા બાપુજીએ મને સમજાવ્યો કે, ‘તેં બાબુ માટે ‘હરીજન’ શબ્દ વાપર્યો તે આમ તો બરાબર છે; પણ હવે તેમને માટે ‘દલીત’ શબ્દ જ વાપરવો.’ અને ઠંડા પાણીથી બીને મેં બીજે દીવસે ‘દલીત’ને અડ્યાની વાત જ ન કરી. પછી તો આઝાદીનો પવન ફુંકાયો હતો. સ્કુલ તરફથી હરીજનવાસમાં સાફસફાઈ કરવા પણ અમે જતા. બાબુ તો ખુબ હોશીયાર નીકળ્યો ! તે હસમુખો હતો. ગણીતમાં પણ એક્કો હતો. તેને મેં હાઈ સ્કુલમાં પણ જોયાનું યાદ છે.

આ બાબુ મને એકાએક ૧૯૭૦માં અમેરીકામાં વેસ્ટ ન્યુયોર્કમાં યાદ આવ્યો. કેમ? જ્યારે હું એપાર્ટમેન્ટ શોધવા નીકળ્યો ત્યારે, એપાર્ટમેન્ટ ખાલી હોય; પણ મને જુએ એટલે લેન્ડલોર્ડ કહે : 'એપાર્ટમેન્ટ ખાલી નથી.' પછી મારી કંપનીના બોસે મને સમજાવ્યું કે એ લોકો ફક્ત વ્હાઈટને જ ઘર આપશે. મને બાબુની વ્યથા આંખ સામે આવી. મારા જેવો ભારતનો ઔદીચ્ય બ્રાહ્મણ, અત્યારે બ્રાઉન છે એટલે નીચો–જાણે 'અસ્પૃશ્ય' ગણાય છે ! આયર્લેંડમાં તો આઈરીશ અને ઈંગ્લીશ એક જ કલરના છે. એમના ભગવાન જીસસ પણ એક છે; છતાં ધર્મના નામે એક બીજાને મારું–મરું પર છે. ઈરાક, ઈરાન અને પાકીસ્તાનમાં શીયા–સુન્ની એક મેકને ધીક્કારે છે. બન્ને પોતપોતાની જાતને ઉંચી ગણે છે. આખી માનવજાત આ રંગોથી રંગાયેલી છે. કોઈ ધર્મથી; તો કોઈ નાતજાતથી. કોઈ સામાજીક વ્યવસ્થાથી; તો કોઈ રંગદ્વેષથી. દેશેદેશમાં કોઈકને કોઈકથી તકલીફ હોય છે અને તેથી માનવજાતમાં એકમેક માટે ધીક્કાર ઘુસી ગયો છે.

થોડા વખત ઉપર અલાબામા સ્ટેટમાં એક વૃદ્ધ ગુજરાતીને પોલીસે માર મારીને ફુટપાથ પર પાડી નાખ્યા અને ઉપરથી વધુ માર પણ માર્યો. જે દશ્ય સૌએ ટીવી પર વારંવાર જોયું છે. હું એ વાત નથી કરવા માંગતો; પણ એ પ્રસંગ પર કૉમેન્ટ કરવા માંગું છું. અમેરીકામાં પોલીસો પર હમ્મેશાં આક્ષેપો થતા રહે છે કે તેઓ, 'માઈનોરીટી' તરફ કોઈ પણ જાતની સહાનુભુતી નથી રાખતા અને ગુનો સાબીત થાય તે પહેલાં મારપીટ ચાલુ કરી દે છે. આ વાતમાં તથ્ય છે. એ વાત વારંવાર પુરવાર થતી રહી છે. કાળા આફ્રીકન સીટીઝનોએ તો પોલીસની આ નીતી સામે રીતસરની ચળવળ ચાલુ કરી છે.

અમેરીકામાં ગોરા અમેરીકનો મેજોરીટીમાં ગણાય છે અને બાકીના આફ્રીકન–અમેરીકન(કાળા), સ્પેનીશભાષી લાટીનો, અને દુનીયાની બીજી બધી ઈમીગ્રન્ટ્સ પ્રજા જેમાં આરબો, ઓરીએન્ટલ્સ, બીજા એશીયનો બધાં માયનોરીટીમાં આવી જાય. સૌને હમ્મેશાં લાગ્યું છે કે પોલીસો રંગદ્વેષી હોય છે. જરા બીજી રીતે જોઈએ તો અમેરીકાની જેલોમાં એંસી ટકા લોકો માઈનોરીટીના હોય છે. મારી દષ્ટીએ આ દેશનો મોટામાં મોટો પ્રોબ્લેમ હોય તો તે ગન (બંદુક) છે. મોટા ભાગના ક્રીમીનલ ગન રાખે છે અને તેમને ખબર છે કે પોલીસ પાસે પણ ગન છે. એટલે 'પહેલો ઘા રાણાનો.' પોલીસ જ્યારે કોઈની પણ કાર રોકે તો પોતાની કાર પેલી કારની પાછળ ઉભી રાખે છે. પછી ચાલીને ઉભેલી કારના ડ્રાયઈર પાસે જાય છે અને એનું લાયસન્સ વગેરે ચેક

કરે છે. હવે જ્યારે તે પેલી કારના ડ્રાઈવર પાસે જાય ત્યારે તેને ખબર નથી હોતી કે કારનો ડ્રાઈવર કોણ છે? એવું કેટલીય વાર બન્યું છે અને બને છે કે અંદરનો ડ્રાઈવર ગન લઈને બેઠો હોય છે. એવી ગન કે તે એક વખતે ટ્રીગર દબાવે તો ૯ ગોળીઓ છુટે. આ રીતે કેટલાય પોલીસો મર્યા કરે છે. તેથી આ માટે તેઓ તૈયાર રહેતા હોય છે. એટલે કારનો ડ્રાઈવર જે હોય તે, એક છોકરી કે કોઈ પોલીટીશીયન કે ગમે તે; પોલીસ તે કાર પાસે જતાં પોતાની ગન કોઈપણ ક્ષણે ખેંચવા તૈયાર રહે છે.

મેં મારા દીકરાને ડ્રાઈવીંગ શીખવાડ્યું ત્યારે સૌથી પહેલી વાત શીખવાડી હતી કે જ્યારે પોલીસ તારી કાર પાસે આવે, ત્યારે તે તારા બન્ને હાથ જોઈ શકે તેમ, તેને ડેશ–બોર્ડ પર રાખવા. ગજવામાં હાથ કદી નહીં મુકવા. ગજવામાં રખાયેલા હાથને કારણે પોલીસોએ કેટલાયના પર પહેલાં ગોળીઓ છોડી છે. પોલીસ સાથે વીવેકથી ગભરાયા વીના 'ઓફીસર, સર'ના સમ્બોધનથી વાત કરો તો પોલીસ તમને શંકાની દૃષ્ટીએ ન જુએ.

ચોથી ચોપડી પાસ મારાં બા જ્યારે અમેરીકા આવ્યાં હતાં, ત્યારે મેં તેમને પ્લેનની જર્ની સરસ બને એટલે અમુક ઈંગ્લીશ શબ્દો ગોખાવડાવ્યા હતા. બીજું કાંઈ નહીં તો અમે ડ્રાઈવ પર જઈએ તો રસ્તામાં 'પીઝા'નું સાઈનબોર્ડ તો તે શોધી જ કાઢે.

ન્યુ યોર્ક શહેરમાં છેલ્લાં દસ વરસના એવરેજ એક વરસમાં લગભગ ૫૦૦ મર્ડર થયાં છે. અને લંડનમાં ૧૦૦થી ઓછાં થાય છે. આ આંકડાબાજીની વાત છોડીએ તો એટલું ચોક્કસ છે કે અમેરીકામાં વરસનાં હજારો મર્ડર થાય છે. મારા હીસાબે અમેરીકન પોલીસો પીસ્તોલ રાખે છે; જ્યારે લંડનના બોબી–પોલીસ સાથે ડંડો રાખે છે.

ભારતની વાત કરું. ૧૯૯૦માં ભારત સરકારને નવી ટેકનોલૉજીવાળા ફાયરપ્રુફ ટેલીફોનના વાયરની જરુર પડી. ટેલીફોન કંપનીઓએ તે માટે ટેન્ડર ભરવાના હતા. તે કંપનીઓને માટે તાતાની વૉલ્ટાઝ કંપનીએ મારી અમેરીકન કંપનીની મદદ માંગી મારી કંપનીમાં તે વાયરની ટેક્નોલૉજી પર હું રીસર્ચ કરતો હતો અને તેનો ઈન–ચાર્જ પણ હું હતો. એટલે મારી કંપની 'એક્ઝો'એ મને બે મહીના માટે ભારત જઈને વૉલ્ટાઝના કસ્ટમર્સને માર્ગદર્શન–મદદ કરવાનું ગોઠવ્યું. આ કસ્ટમર્સ આખા ભારતમાં બાર મોટાં શહેરોમાં હતા. મારે તેમના એન્જીનીયરોને લેકચર્સ આપીને ટેકનોલૉજી શીખવવાની હતી અને ઓપરેટરોને મશીનો પર વાયરો બનાવવાનું શીખવાડવાનું હતું.

હવે મઝા જુઓ ! વોલ્ટાઝમાંથી પત્ર આવ્યો : ‘અમારે ઈન્ડીયન એક્સપર્ટ ન જોઈએ. અમારે અમેરીકન એક્સપર્ટ જોઈએ.’ હવે આ કઈ જાતનો રંગભેદ? મારા જ દેશમાં હું ‘અસ્પૃશ્ય–અસ્વીકાર્ય?’ અમેરીકનો આપણામાં માને અને આપણને આપણામાં જ વીશ્વાસ નહીં ! મારી કંપનીના પ્રેસીડન્ટે વોલ્ટાઝવાળાઓને સમજાવવા પડ્યા કે, ‘હરનીશ અમેરીકન સીટીઝન છે અને અમારો ‘વાયર ગુરુ’ છે.’ ત્યારે તેઓ માન્યા. પછી મોટી રામાયણ એ થઈ કે વોલ્ટાઝે એમના કસ્ટમર્સને કહ્યું હતું કે અમે અમેરીકાથી એક્સપર્ટ બોલાવ્યો છે. તે તમને શીખવશે. હવે જેવો હું વૉલ્ટાઝના સેલ્સમેન સાથે તેમના કસ્ટમર્સને ત્યાં જઉં કે મને જોઈને પેલા લોકોને ચક્કર ચઢે !

હવે આ વખતે મને બાબુ યાદ આવતો. હું ફક્ત મારી સેન્સ ઓફ હ્યુમરને લીધે જ ટકી શક્યો. કીર્લોસ્કરના સતનાના ગેસ્ટ હાઉસમાં તો મને પેસવા દેવાની ના પાડી. કહે : ‘યે તો ફોરેનર કે લીયે હૈ.’ મારે પાસપોર્ટ બતાવવો પડ્યો હતો.

કહેવાની જરુર નથી કે મારા અમેરીકન ડ્રેસની કોઈ વેલ્યુ નહોતી. લોકો મારી ચામડી જોતા હતા. હવે આ રંગભેદની કોને ફરીયાદ કરું?

–હરનીશ જાની

(અમેરીકાના વીખ્યાત હાસ્યકાર એમની ‘તીરછી નજર’ માટે પ્રસીદ્ધ છે. સને ૨૦૧૪થી તેઓ સુરતના લાડીલા દૈનીક ‘ગુજરાતમીત્ર’ની બુધવારીય વાચનપુર્તી ‘દર્પણ’માં અમેરીકાની ભાતીગળ દુનીયાનો પરીચય આપે છે. એમની કૉલમ ખાસ્સી લોકપ્રીય થઈ છે. તેમાં અત્યાર સુધી પ્રકાશીત થઈ ચુકેલા લેખોમાંથી વીણીવીણીને, હાસ્યકાર ભાઈ રતીલાલ બોરીસાગરે એક પુસ્તક કર્યું અને ગુર્જરે તે ભાવથી પ્રકાશીત કર્યું. તેમાંનો તા. ૨૫ માર્ચ. ૨૦૧૫ના દીવસે ‘ગુ.મી.’ છપાયેલો અને આ પુસ્તકમાં સંઘરાયેલો આ લેખ, લેખક શ્રીની અનુમતીથી સપ્રેમ..)

હરનીશ જાની લીખીત અમેરીકાની હળવી શૈલીની અનુભવયાત્રા ‘તીરછી નજરે – અમેરીકા’ – (પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-380001 Phone : 079-2214 4663 eMail : goorjar@yahoo.com પાન : 8+128; નકલ : 750; મુલ્ય: રુપીયા – 125) પુસ્તક મેળવવા તમે સમ્પર્ક કરી શકો છો ..ઉત્તમ.મધુ ગજ્જર..

સર્જક–સમ્પર્ક :

Harnish Jani

4-Pleasant Drive, Yardville, NJ-08620-USA

Phone-609-585-0861 Email : harnishjani5@gmail.com

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: ‘ચૌદમું’ – અંક: 402 –June 10, 2018

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,51,50,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,03,11,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,05,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 9,93,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@